


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓગસ્ટ ૧૫, ૨૦૨૧ • શ્રાવણ સુદ ૮, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



Shri Vijay Rupani
Hon'ble Chief Minister
Gujarat State



Shri Nitin Patel
Hon'ble Deputy Chief Minister, Gujarat State



Shri Pradipsinh Jadeja
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri Vikramsinh Jadav
Director
GSNRGF

## દેશમાં વિકાસ રોલ મોડેલ ગુજરાતની વિકાસ સ્પર્ધા હવે વિશ્વ સાથે છે : મુખ્યમંત્રીશ્રી

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા 'વિકાસ દિવસ' સંલગ્ન કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને રાજ્યના વિકાસકામોનું ઇ-લોકાર્પણ અને ઇ-ભૂમિપૂજન-ખાતમુહૂર્ત કરતા ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે શરૂ કરેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ પછી સુશ્રી આનંદીબેન પટેલ અને ત્યાર બાદ શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈની ટીમના પ્રયત્નો થકી જ ગુજરાત આજે દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે. શ્રી શાહે જણાવ્યું કે આજે થનારાં કુલ રૂ. ૫૩૦૦ કરોડનાં વિકાસકામોમાં રૂ. ૩૩૨૨ કરોડનાં કામોનું લોકાર્પણ થઈ રહ્યું છે, જેમાં અનેક બ્રિજ, રસ્તાનાં કામો, આવાસો, વીજળી અને પાણીની યોજનાઓનાં કામ સામેલ છે. જેનો મતલબ એ થાય કે આ તમામ કામોનું નિર્માણ સંપૂર્ણપણે કોરોનાકાળમાં થયું છે. જ્યારે સમગ્ર વિશ્વમાં વિકાસનાં પૈડાં થંભી ગયાં હતાં, ત્યારે પણ દેશમાં-ગુજરાતમાં વિકાસ કામગીરી ચાલુ રહી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા રિમોટ કન્ટ્રોલના માધ્યમથી લૉન્ચ કરવામાં આવેલી 'વતન પ્રેમ' યોજના અંગે જણાવ્યું કે આ યોજના દ્વારા ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓને પણ ગુજરાતના વિકાસમાં જોડાવાનો સુંદર મોકો આપ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, વિકાસના રોલ મોડેલ બની ગયેલા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે છે. શાસન દાયિત્વના પાંચ વર્ષ પૂર્ણ થવાની આ કોઇ ઉજવણી નથી પરંતુ જનસેવા કામોના યજ્ઞને જન જન સુધી ઊજાગર કરવાનું અમારું આ અનુષ્ઠાન છે. (Source : https://cmogujarat.gov.in)

## ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાનશ્રી ટોની અબોટ સહિત ઉચ્ચ ડેલિગેશન ગુજરાતની મુલાકાતે



ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાનશ્રી ટોની અબોટે ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. ગુજરાત અને ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો વધુ મજબુત બનાવવા શ્રી ટોની અબોટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની મુલાકાત કરી વિચાર વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વૈશ્વિક રોકાણ માટે યોજાતા વાઇબ્રન્ટ સમિટમાં ઓસ્ટ્રેલિયા વર્ષોથી ગુજરાતનું પાર્ટનર કન્ટ્રી રહ્યું છે. મોટા પ્રમાણમાં ગુજરાતીઓ ઓસ્ટ્રેલિયામાં વસવાટ કરે છે. ગુજરાતમાં રોકાણ માટે તમામ જરૂરી સહયોગની મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી હતી.

(Source : https://cmogujarat.gov.in)





**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

## કેનેડાની ચૂંટણીમાં ગુજરાતી મહિલા અને MSUના પૂર્વ GS ઉમેદવાર બન્યા





કેનેડામાં આગામી સમયમાં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં સંસ્કારી નગરી વડોદરાની મહિલા અને એમ.એસ.યુનિવર્સિટીના પૂર્વ GSએ કન્ઝર્વેટિવ પાર્ટી ઓફ કેનેડાના ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું છે. એમ.એસ.યુનિ.ના પૂર્વ જનરલ સેક્રેટરી નવલ બજાજ બ્રેમ્પ્ટન પૂર્વ બેઠક પરથી સાંસદની ચૂંટણી લડી રહ્યાં છે. નવલ બજાજ કેનેડિયન બિઝનેસમેન પણ છે અને તેમને વિવિધ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. રિન્કુ શાહ ઑન્ટેરિયોની હમ્બર રિવર-બ્લેક ક્રીક (HRBC) બેઠકના ઉમેદવાર છે. રિન્કુ શાહ સાંસદના પ્રથમ ગુજરાતી ઉમેદવાર છે. છેલ્લાં સાતેક વર્ષથી તેઓ કેનેડામાં રાજકારણ સાથે સંકળાયેલાં છે.

(Source : https://sandesh.com)

## કચ્છ ગુર્જર ગુજરાતી યુવા મંડળ દ્વારા વૃક્ષારોપણ



કચ્છ ગુર્જર ગુજરાતી યુવક મંડળ દ્વારા મધ્યપ્રદેશના જગપુરઘાટ અને અમાઘાટમાં રોડ સાઈડમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં યુવાનોની ટીમ દ્વારા આંબો, જાંબુ, લીમડા સહિતના ફળદાયી છોડ વાવવામાં આવ્યા હતા. યુવા મંડળના પ્રમુખ ગૌરવ પરમારે જણાવ્યું હતું કે, કચ્છ ગુર્જર ગુજરાતી સમાજની સુવર્ણ જયંતી નિમિત્તે અહીં ૫૧ રોપાઓ રોપવામાં આવ્યા છે. પૃથ્વી પર સ્વચ્છ વાતાવરણ અને પર્યાવરણીય સંતુલન માટે વૃક્ષો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો પર્યાવરણ સ્વચ્છ હોય તો રોગોને રોકી શકાય છે. આ દરમિયાન યુવા મંડળના પ્રમુખ ઉપરાંત દેવાશિષ ટાંક, સુમિત ટાંક, મેહુલ ટાંક, આનંદ રાઠોડ, હિતેન ચૌહાણ, કપિલ જેઠવા, જય ટાંક વગેરે હાજર રહ્યા હતા.

(Source : www.naidunia.com)

## કેનેડાના એડમેન્ટન શહેરમાં ગુજરાતીઓ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



કેનેડાના એડમેન્ટન શહેરમાં ગરવી ગુજરાત એસોસિએશન દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ હતી. બે દિવસ ચાલેલી આ ટુર્નામેન્ટને ગુજરાતીઓએ ગરમાગરમ ચા-ગોટાના નાસ્તા સાથે માણી હતી. આ જ ટુર્નામેન્ટના બીજા દિવસે ગુજરાતી પુસ્તકોની એક લાયબ્રેરી ખુલ્લી મુકાઇ હતી જેમાંથી સિનિયર્સથી માંડી બાળકોએ ગુજરાતી સાહિત્યના પુસ્તકો મફત લીધા હતા. ૮મી ઓગષ્ટે સિનિયર્સની એક પિકનીકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ મહિનાના અંતે ઈન્ડિયા કપ નામની બીજી ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે.

(Source : www.divyabhaskar.co.in)

## ગુજરાતના ખેડૂતોએ પકવેલા ડ્રેગનફ્રૂટની પ્રથમ વાર બ્રિટનમાં નિકાસ

ગુજરાતના ખેડૂતોએ પકવેલા રેષા અને ખનીજ તત્વોથી ભરપૂર એવા વિદેશી ‘ડ્રેગન ફ્રૂટ’ની નિકાસને મોટું પ્રોત્સાહન મળ્યું છે. આ ફ્રૂટની નિકાસ પહેલીવાર બ્રિટનના લંડનમાં થઈ છે. લંડન નિકાસ થયેલા ડ્રેગન ફ્રૂટનો જથ્થો ગુજરાતના કચ્છ વિસ્તારના ખેડૂતો પાસેથી મેળવવામાં આવ્યો હતો અને ભરૂચમાં એપીડીએ રજિસ્ટર્ડ પેકહાઉસ દ્વારા નિકાસ કરી હતી. ભારતમાં ડ્રેગન ફ્રૂટના ઉત્પાદનનો પ્રારંભ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં થયો હતો. એની ઊંચી નિકાસ મૂલ્યને કારણે વિદેશી ડ્રેગન ફ્રૂટ દેશમાં છેલ્લાં થોડાં વર્ષોમાં અતિ લોકપ્રિય થયું છે અને વિવિધ રાજ્યોમાં ખેડૂતોએ એની ખેતી શરૂ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જુલાઈ, ૨૦૨૦માં ઓલ ઇન્ડિયા રેડિયો પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં ગુજરાતના રણ વિસ્તાર કચ્છમાં ડ્રેગન ફ્રૂટની ખેતી વિશે ઉલ્લેખ કર્યો હતો.

(Source : www.gujaratsamachar.com)

## હિંદી વક્તૃત્વ સ્પર્ધામાં VHP ઈલ્ફર્ડના બાળકોને ઈનામ

યુકે હિંદી સમિતિ અને ભારતીય હાઈ કમિશનના હિંદી વિભાગ દ્વારા તાજેતરમાં યોજાયેલી હિંદી વક્તૃત્વ સ્પર્ધામાં હિંદી ક્લાસના જુદી જુદી વયના ૧૫૪ બાળકોએ ભાગ લીધો હતો. VHP ઈલ્ફર્ડ હિંદી ક્લાસીસના વિદ્યાર્થીઓએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તમામ બાળકોએ ખૂબ સારો દેખાવ કર્યો હતો અને ઈનામો પણ જીત્યા હતા. ૭-૮ વર્ષની વયજૂથની સ્પર્ધામાં અર્ચિતા વાઘમાર પ્રથમ ક્રમે વિજેતા બની હતી. જ્યારે ૯-૧૦ વર્ષની વયજૂથની સ્પર્ધામાં રિશીત દ્વિવેદી પ્રથમ ક્રમે અને ૧૩ વર્ષથી વધુ વયના સ્પર્ધકોમાં આર્ય વાઘમાર ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા.

(Source : www.gujarat-samachar.com)

## AAPI દ્વારા ભારતને કોવિડ-૧૯ સહાય માટે પાંચ મિલિયન ડોલર એકત્ર કરાયા




અમેરિકા ખાતેના ભારતીય મૂળના તબીબોના સૌથી મોટા સંગઠન તરીકે સુવિખ્યાત અમેરિકન એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન (AAPI) દ્વારા પોતાના વતન ભારતમાં કોવીડ-૧૯ સહાય માટે પાંચ મિલિયન ડોલર ઉપરાંતની રકમ ભેગી કરવામાં આવી છે. આ બદલ AAPI પ્રેસિડેન્ટ સુશ્રી અનુપમા ગોટીમુકુલાએ સૌ મેમ્બર્સને બિરદાવ્યા હતા. AAPI દ્વારા અત્યાર સુધીમાં ભારતની ૪૫ હોસ્પિટલોને ૩૨૦૦ કોન્સન્ટ્રેટર્સ, ૧૦૦ વેન્ટિલેટર અને ૧૦૦ હાઇફ્લો નાસલ કેન્યુલા મશીનો મોકલાયા છે.

(Source : www.akilanews.com)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**


જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો




બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી છે. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિ:

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોક્ત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

# હૉકી અને ગુજરાત

ભારતની હોકી ટીમે ૪૧ વર્ષ બાદ ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો છે. ભારતની હોકી ટીમ સાથે રાજાશાહીનાં સમયમાં સૌરાષ્ટ્રનો ભવ્ય ઈતિહાસ જોડાયેલો છે. સૌરાષ્ટ્રના સોરઠમાં આવેલું માણાવદર સ્ટેટ એક સમયે વિશ્વમાં હોકીને લઈને જાણીતું હતું. માણાવદર સ્ટેટની હોકી ટીમનાં બે ખેલાડીઓએ ૧૯૩૬માં જર્મનીનાં બર્લીનમાં રમાયેલા સમર ઓલિમ્પિક ભાગ લીધો હતો. આજે ભારતે મેડલ જીતતા એ સુવર્ણ ઈતિહાસ તાજો થયો છે.

આઝાદી પહેલા જૂનાગઢ અને માણાવદર એ પ્રિન્સલી સ્ટેટ હતા. આ સ્ટેટ પર નવાબનું શાસન હતું. માણાવદરના નવાબ પ્રિન્સ ગુલામ મોઈનુદ્દીન ખાનજી પોતે હોકીનાં પ્રતિભાશાળી ખેલાડી હતા. રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ વખતે પણ તેઓ સ્પોર્ટસમાં ખાસ રસ લેતા હતા. તેમણે માણાવદરમાં હોકીની ટીમ બનાવી હતી અને એ સમયે ટર્ફ મેદાન પણ ખેલાડીઓ માટે બનાવ્યું હતું. માણાવદરની હોકી ટીમ એટલી મજબૂત હતી કે વિશ્વમાં તે જાણીતી હતી. માણાવદરનાં હોકી પ્લેયરની પસંદગી ભારતીય હોકી ટીમમાં કરવામાં આવી હતી.

૧૯૩૬માં જ્યારે ઓલિમ્પિક રમાયો હતો ત્યારે ભારતીય હોકી ટીમનાં કેપ્ટન મેજર ધ્યાનચંદ હતા અને વાઈસ કેપ્ટન તરીકે માણાવદરનાં એમ. એન. મસુદ હતા. આ ટીમમાં અન્ય એક માણાવદરનાં ખેલાડી શાહબુદ્દીન પણ હતા. માણાવદરની ટીમને નવાબ ખૂબ પ્રોત્સાહન આપતા હતા. ૧૯૩૮માં ન્યુઝીલેન્ડમાં ટીમ રમવા ગઈ હતી તેમાં પણ માણાવદરનાં ખેલાડી સામેલ હતા. માણાવદર નવાબ હોકી પ્લેયર હતા પરંતુ તેઓ વિદેશ રમવા ગયા ન હતા. હોકી પ્રત્યે તેમને લગાવ હતો. એક સમયે મેજર ધ્યાનચંદને પણ નવાબે માણાવદર રહેવા માટે આવવા આમંત્રણ આપ્યું હતું પરંતુ કેટલાક કારણોસર તેઓ આવ્યા ન હતા. મસુદ દિલ્હીમાં ભણ્યા હતા અને ૧૯૩૭ સુધી તેઓ માણાવદર રહ્યા હતા.

એ વાત જાણીને નવાઇ લાગશે કે, સ્વતંત્ર ભારતની સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય હોકી મેચની યજમાની કરવાનું શ્રેય અમદાવાદને જાય છે. અમદાવાદના શાહીબાગ ખાતે આવેલા જે.ડી. નગરવાલા પોલીસ સ્ટેડિયમમાં યોજાયેલી સ્વતંત્ર ભારતની સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય હોકી મેચમાં મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદ પણ રમ્યા હતા. જાણકારોના મતે, સ્વતંત્રતા મળી ત્યારે ભારતમાં હોકીની લોકપ્રિયતા અત્યારના ક્રિકેટની છે તેના કરતાં પણ અનેકગણી વધારે હતી. સ્વતંત્રતા અગાઉ ભારતીય હોકી ટીમ ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૬ ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી હતી. સ્વતંત્રતા મળ્યા બાદ ભારતે ૧૯૪૮માં યોજાયેલી ઓલિમ્પિક્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતની આ ગોલ્ડ મેડાલિસ્ટ ટીમ ઘરઆંગણાના પ્રેક્ષકો સામે પણ પોતાનો જાદુ બતાવે તેના માટે આંતરરાષ્ટ્રીય મેચ યોજવાનું નક્કી કરાયું હતું. મુંબઇ, દિલ્હી, કોલકાતા જેવા શહેરને પાછળ મૂકીને અમદાવાદની આ મેચના યજમાન તરીકે પસંદગી કરવામાં આવી હતી. દિવંગત કિશન કર્વેએ થોડા વર્ષ અગાઉ આ આંતરરાષ્ટ્રીય મેચનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, 'મેજર ધ્યાનચંદને રમતા જોવા માટે શાહીબાગ પોલીસ સ્ટેડિયમનું આ ગ્રાઉન્ડ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું અને પગ મૂકવાની પણ જગ્યા મળી નહોતી.'

રસપ્રદ રીતે, ભારતીય ધરતી પર સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન-ડે મેચ યોજવાનું શ્રેય પણ અમદાવાદને ફાળે છે. અમદાવાદના નવરંગપુરા સ્ટેડિયમ ખાતે ૨૫ નવેમ્બર ૧૯૮૧ના ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે વન-ડે મેચ યોજાઇ હતી.

(Sources : ગુજરાત સમાચાર, તા.૬-૮-૨૦૨૧, www.royalark.net)



માણાવદરના નવાબ પ્રિન્સ ગુલામ મોઈનુદ્દીન ખાન



૧૯૩૮માં માણાવદરની હોકી ટીમની ન્યુઝીલેન્ડ ટુર

# આરોગ્યવર્ધક કહેવતો



સાહિત્ય કલ્પવૃક્ષ જેવું છે. કહેવાય છે કે કલ્પવૃક્ષ નીચે ઊભા રહીને જે માગીએ એ મળે, એમ લોકસાહિત્ય પાસે જે માગો એ મળે. એમાંથી અર્થસભર દુહા મળે, હૈયામાં સ્પંદનો પ્રગટાવતાં ગીતો મળે, બુદ્ધિચાતુર્ય વધારતાં ઉખાણાં મળે, કવિત્વ શક્તિ ખીલવતાં જોડકણાં મળે, માનવીની કોઠાસૂઝમાંથી પ્રગટેલી મોતીના દાણા જેવી કહેવતો અને કથાઓ મળે.

જૂના કાળે આજના જેવી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓ નહોતી ત્યારે કંઠસ્થ લોકસાહિત્ય દ્વારા લોકજીવનમાં શિક્ષણનું કામ સુપેરે થતું. આરોગ્ય જાળવવા અંગેની વાત હોય તો કહેવતો દ્વારા આ રીતે લોકજીભે રજૂ થતીઃ

શ્રાવણની તો કાકડી, ભાદરવાની છાશ,
તાવ સંદેશો મોકલે, આજ આવું કે કાલ
દાંતે લૂણ જે વાપરે, કવળે ઊનું ખાય,
ડાબું પડખું દાબી સૂએ, તે ઘેર વૈદ્ય ન જાય.
ઓકી દાતણ જે કરે, નરણા હરડે ખાય,
દૂધે વાળુ જે કરે, તે ઘેર વૈદ્ય ન જાય.

દૂધ, અનાજ અને કઠોળ માણસમાત્રનો રોજિંદો આહાર છે. આ આહાર કેમ લેવો, કેટલો લેવો, ક્યારે લેવો એનું જ્ઞાન જૂના કાળે આરોગ્ય સાથે જોડાયેલી કહેવતો આપતી. કોઠાસૂઝવાળા લોકકવિઓએ પોતાના અનુભવના નિચોડરૂપે આરોગ્યરક્ષક અનાજ-કઠોળની કહેવતો આપી છે. અહીં લોકકવિઓએ જે તે અનાજને મોઢે બોલાવેલી વાત, છે તો નાનકડી જ વાત, પણ અહીં લોકકવિની જે તે વિષયની સૂક્ષ્મ સૂઝ તરી આવે છેઃ

ઘઉં કહે હું લાંબો દાણો, વચમાં પડી લી,
મારી મજા લેવી હોય તો લાવો ગોળ ને ઘી.
ઘઉંની પોળી નીપજે, ઘઉંના ઘેબર થાય,
જેવા ઘઉં કેળવે, તેવાં ભોજન થાય.

ઘઉં એ અનાજનો રાજા છે. ઘઉંમાંથી થૂલી, ઘઉંના લોટમાંથી રાબ, સુખડી, શીરો, લાડવા, રોટલી, ભાખરી, પૂરી, થેપલાં, પરોઠાં, સેવ, હલવો, બરફી, ચૂરમું, ઘઉંના મેંદામાંથી સુંવાળી, ઘારી, ઘઉંના પોંકનું જાદરિયું, ઠોર, જલેબી, માલપૂઆ, ઘેબર, ઘેંસ, લાપસી વગેરે બને છે. ઘઉંની પણ કેટકેટલી જાતો. ભાલિયા, બંસી, કાઠા, પૂનમિયા, પંજાબી, દાઉદખાની, વાજિયા, અમેરિકન, રાતાઘઉં વગેરે. ઘઉં સ્નિગ્ધ, મધુર, બળકર, ધાતુવર્ધક, સારક, વાયુ કરનાર અને કફનાશક મનાય છે. લોકસમાજે ભાવતાં ભોજન સાથે ભગવાનનેય કેવા જોડી દીધા છે!

રામનામ લાડવા, ગોપાળ નામ ઘી,
કૃષ્ણનામ ખીર ખાંડ, ઘોળી ઘોળી પી.

અર્થાત્ઃ દૂધ, ઘી, ખાંડ, દૂધની ખીર અને લાડવા રામ અને કૃષ્ણનું નામ લેતાં લેતાં ખાતાં રહો. ઘઉં પછી બાજરી આવીને બોલે છેઃ

કાળી છું પણ કામણગારી, લેશો ના મુજ વાદ,
વાદ કર્યામાં વળશે શું, પણ જોઈ લ્યો મુજ સ્વાદ.

બાજરો એક એવું અનાજ છે જેને માણસો ને ઘોડા બેય ખાય છે. બેયનો આહાર છે. કહેવાય છે કે કચ્છનો રાજવી લાખો ફુલાણી જંગલમાં શિકાર કરવા નીકળ્યો. એનો રસાલો દૂર દૂર અંધારિયા આફ્રિકા ખંડમાં નીકળી ગયો. બધા ભૂલા પડ્યા. ખાવાનું કંઈ ન મળે. એવામાં ખેતરમાં અનાજનાં ડૂંડાં જોયાં. ભૂખ્યા રાજવી, સાથીદારો અને ઘોડાએ એ ડૂંડા ખાવા માંડ્યાં. થોડા દીમાં તો ઘોડામાં તાકાત આવી અને ઉંમરલાયક બુઢ્ઢાઓને નવી જુવાની ફૂટીઃ

બલિહારી તુજ બાજરા, જેનાં લાંબાં પાન,
ઘોડાને પાંખું આવિયું, બુઢ્ઢા થયા જુવાન

કિંવદંતી કહે છે કે, લાખો ફુલાણી અંધારિયા ખંડમાંથી કચ્છમાં બાજરો પહેલવહેલો લાવ્યો હતો. બાજરો શક્તિપ્રદ આહાર હોવાથી રાજારજવાડા અને ગામધણી દરબારો જે ઉત્તમ ઓલાદના અશ્વો રાખતા, એને ચાંદીમાં ભરડેલો બાજરો ખવરાવતા. મોટી ઉંમરે માણસને માથે વૃદ્ધાવસ્થા આવીને બેસી જતી ને પાચનતંત્ર નબળું પડતું ત્યારે બાજરાનો રોટલો એના બળ ને શક્તિને ટકાવી રાખતો. એને નવી શક્તિ બક્ષતો. એટલે કહ્યું છે કે, બુઢ્ઢા થયા જુવાન. બાજરીની બીજી પણ કહેવતો છે બાજરી કહે હું બળ વધારું, ઘઉં કહે હું ચોપડ માગું. હવે લીલુડા મગની કેફિયત આવે છે, મગ શું કહે છે ?

મગ કહે હું લીલો દાણો, મારા માથે ચાંદું,
મારો ખપ ત્યારે પડે, માણસ હોય માંદું.

બધા પ્રકારના કઠોળમાં મગ ઔષધ જેવું કઠોળ છે. મગનો દાણો લીલછોયો હોય છે અને દાણા ઉપર એને કાંટો ફૂટે ઈ જગ્યાએ ટપકું, ચાંદું હોય છે. આવા મગની જરૂર બે પ્રસંગે પડે. એક તો આપણે ત્યાં કંઈક મંગલ પ્રસંગ હોય ત્યારે લાપસી સાથે મગનું શાક શુકન ગણાય છે. એથીયે આગળ ચાલીએ તો માણસને મોટા મંદવાડે ઘેરી લીધો હોય ને આઠ-દસ માતરાયું (લાંઘણ ઉપવાસ) થઈ હોય ત્યારે મગના પાણીથી એના ખોરાકની શરૂઆત વૈદ્યો ને ડોક્ટરો કરાવતા હોય છે. આમ મગ પચવામાં હલકા, નિર્દોષ અને બળવર્ધક છે. આથી ગૃહસ્થોથી માંડીને જૈન મુનિઓમાં તેમ જ અઠ્ઠાઈ ઉપવાસ કરતા જૈનોમાં મગનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. મગની પણ બે જાત. એક લીલા મગ ને બીજા કાળા મગ. મગ પચવામાં હલકા, શીતળ, સ્વાદે સહેજ વાતકારક અને નેત્રો માટે હિતકારક છે એમ આયુર્વેદ કહે છે. મગ સાથે કેટકેટલી કહેવતો જોડાયેલી છેઃ (૧) મગના ભાવે મરી વેચાય. (૨) મોંમાં કંઈ મગ ઓર્યા છે ? (૩) મગમાંથી પગ ફૂટ્યા. (૪) દેરાણી જેઠાણીના મગ ભેગા ચડે, પણ શોક્યોના મગ ભેગા ન ચડે. (૫) હજી ક્યાં ચોખા-મગ ભેગા મળી ગયા છે ? (૬) વાણિયાભૈ મગનું નામ મરી નો પાડે. (૭) એક મગની બે ફાડ્ય. (૮) જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવા.

ગરીબડી ગણાતી જુવાર આવીને કહે છેઃ

# લોક સાહિત્ય

જુવાર કહે હું રાતીધોળી, કોઠીની છું રાણી,
ગરીબોનું હું ખાણું છું ને મારી થાયે ધાણી.
જુવાર કહે હું ગોળ દાણો, ને મારા માથે ટોપી,
મારો ફાલ ખરો લેવાને, કાળી ભોંયમાં રોપી.

જુવાર કહે છે કે હું સુખિયા નહિ, પણ દુઃખિયા, ગરીબ લોકોનું ખાણું ગણાઉં છું. જુવાર પૌષ્ટિક ગણાય છે. સુરતી જુવારનો પોંક છેક મુંબઈ સુધી જાય છે. જુવાર ખાવામાં મીઠી, પચવામાં હલકી છે. જુવારના રોટલા, ઢોકળાં બને છે. ગામડામાં ગરીબગુરબા જુવાનો બોળો કે ઘેંસ બનાવીને પેટ ભરી લ્યે છે. હુતાસણીના પર્વ પ્રસંગે જુવારની ધાણી ખાવાનો રિવાજ છે. બદલાતી ઋતુમાં આ જ ધાણી કફ દૂર કરનારી છે એમ વૈદ્યો કહે છે. આજે કબૂતરોને નાખવામાં આવતી જુવાર તો જગનું ઢાંકણ છે. માનવી પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે કે, હે પ્રભુ, આછુંપાતળું જુવાર બાજરાનું ઢેબરું મળે તોય ઘણું.



લોકકવિ ચોખાની ઓળખ આ રીતે આપે છેઃ

ચોખો કહે કે હું ધોળો દાણો, મારા માથે અણી,
મારી મજા લેવી હોય તો દાળ નાખજો ઘણી.

ભારતમાં ચોખાની પ્રાંતવાર જુદી જુદી જાતો જોવા મળે છે. સંસ્કૃતમાં ચોખાને શાલિ કહે છે. કાળા ચોખાને કૃષ્ણવીહી, ગુજરાતીમાં એને કાળી કમોદ કહે છે. ચોખાની બારમાસી, સુરતી, કોલમ, લાલ ચોખા અને સાઠી ચાવલ જેવી અનેક જાતો છે. સાઠી અર્થાત્ સાઠ દિવસે પાકતી કમોદ. ચોખા ખાવા મળે એ ચારમાંનું એક સુખ ગણાતુંઃ

સાઠી ચાવલ ભેંસ દૂધ, ઘેર શીલવતી નાર,
ચોથો ચડવા રેવતો (અશ્વ) ઈ સરગ નિસરણી ચાર.

આયુર્વેદની દૃષ્ટિએ ચોખા ઠંડા છે, તે ગરમીને મટાડનાર, વીર્ય વધારનાર, પૌષ્ટિક, મીઠા, બળ આપનાર, હલકા, રુચિકર, સ્વર સુધારનાર, મૂત્ર અને મળને કાઢનાર, કફ ઓછો કરી બુદ્ધિ વધારનાર ગણાય છે. ચોખાની પણ કહેવતો જુઓઃ (૧) ચોખો ચંપાય ને દાળ દબાય. (૨) ચોખા ભેગી ઇયળ બફાઈ જાય. (૩) દેરાણી-જેઠાણીના ચોખા ભેગા ચડ્યા સાંભળ્યાં નથી. એ રીતે તુવેરરાણી ગુજરાતમાં ઘરોઘર માનીતાં છે. ગુજરાતણોની રસોઈમાં આ રાણી રોજ હાજર હોય છે, હવે એની વાત સાંભળોઃ

તુવેર કહે હું તાજો દાણો, રસોઈની છું રાણી,
મારો સ્વાદ લેવો હોય તો, પ્રમાણમાં નાખો પાણી.
તુવેર કહે હું દાળ બનાવું, રસોઈનો રાખું રંગ,
જે ઘરમાં તુવેર ન હોય તેના જોઈ લ્યો ઢંગ.

તુવેરની દાળ બને, દાળઢોકળી બને. પૂરણપોળી બને. દરેક કઠોળના લોટના પાપડ બને, પણ તુવેર એવું કઠોળ છે કે એનો લોટ બનતો નથી. લીલી તુવેર બાફી મીઠું નાખીને ખવાય. તુવેરદાણા-લીલવાનું સરસ શાક થાય. કચોરી બને. વૈદ્યો કહે છે કે તુવેરદાળ ભારે, લૂખી અને ઠંડી છે. શરીરની કાંતિ વધારે છે. પિત્ત, વિષ, રક્તદોષ, વાયુ, પેટનો દુઃખાવો અને હરસ મટાડે છે. ઘીમાં ખાવાથી ત્રિદોષનો નાશ કરે છે. પિત્ત, કફ, મેદ અને કૃમિનો નાશ કરે છે. શિવરાતના કોઈને ભાંગ ચડી હોય તો એક ચમચો તુવેરની દાળ વાટીને તેનું પાણી પાવામાં આવે છે.

એ રીતે શક્તિવર્ધક ચણા સાથે કેવી મજાની કહેવતો જોડાઈ છે ?

ચણો કહે હું ખરબચડો, ને પીળો રંગ જણાય,
રોજ પલાળી દાળ ખાય, તે ઘોડા જેવો થાય.
ચણો કહે હું ખરબચડો ને મારા માથે અણી,
ભીની દાળ ને ગોળ ખાય તો બને મલ્લનો ધણી.

કઠોળમાં સૌથી વધુ વપરાશ ચણાનો રહે છે. ચણાના લોટમાંથી સેવ, ગાંઠિયા, ભજિયાં, પાતરાં, બુંદી, લકડશી લાડુ, મગસ, મોહનથાળ, ખાંડવી વગેરે બને છે. ચણાના લોટમાં દૂધ કે મલાઈ કે હળદર મેળવીને સ્નાન કરવાથી શરીરનો વાન ઊઘડે છે, કાંતિ વધે છે. ગામડામાં જૂના કાળે અમુક જ્ઞાતિમાં લગ્નપ્રસંગે જાનને મરિયા-બાફીને વઘારેલા ચણાનું શાક ને સુખડી આપવામાં આવતાં. આ ચણા શીતળ, વાયુ કરનાર, પિત્તહર, રક્તદોષ હરનાર, કફહર, હલકા ને દસ્ત રોકનાર ગણાય છે. તે જવરને પણ મટાડે છે.

અડદ કાળા કઠોળમાં આવે. એના માટે કહેવાય છે કે, જો ખાય અડદ તો થાય મરદ. એનીયે કહેવતો લોકકંઠે રમતી જોવા મળે છેઃ

અડદ કહે હું કાળો દાણો, પૌષ્ટિકતામાં પહેલો,
માણસને હું મરદ બનાવું, જો મસાલો ભેળો.
અડદ કહે હું કાળો દાણો, માથે ધોળો છાંટો,
શિયાળામાં સેવન કરો, તો શરીરમાં આવે કાંટો.
અડદ કહે હું કઠોર દાણો, ચીકાશ મુજબમાં ઝાઝો,
ખટ (છ) મહિના જો મુજને ખાઓ, બળિયા સાથે બાઝો.

સૌરાષ્ટ્રમાં અડદની દાળ બાજરાના રોટલા સાથે ખવાય છે. પટેલો અને રાજપૂતો એનો ઉપયોગ નિયમિત રીતે કરતાં જોવા મળ્યા છે. અડદમાં પ્રોટીન વધારે હોવાથી તે બળવર્ધક બની રહે છે. અડદની દાળમાંથી બનતો અડદિયા પાક શિયાળામાં ખાવાથી બારમાસીની શક્તિ મળે છે એમ કહેવાય છે. અડદની દાળમાંથી વડાં બને છે. લકવાના દર્દીને અડદનાં વડાં ખવરાવવામાં આવે છે. અડદ વાતહર, બળ આપનાર, વીર્ય વધારનાર, પૌષ્ટિક, ધાવણ વધારનાર, રુચિ ઉત્પન્ન કરનાર, મળમૂત્રનો ખુલાસો લાવનાર, મેદ વધારનાર, પિત્ત અને કફ વધારનાર ગણાય છે.

દિવાળીનું પર્વ આવે ત્યારે બાઈયુંને મઠિયા યાદ આવે. ચણા બાજરાની જેમ મઠ માણસોય ખાય ને ઘોડાય ખાય, એટલે કહેવાય છેઃ

મઠ કહે હું ઝીણો દાણો, મારા માથે નાકું,
મારી પરખ ક્યારે પડે કે ઘોડું આવે થાક્યું.

મઠનું સંસ્કૃત નામ મુકુષ્ઠક છે. તે વાયુ કરનાર, જઠરાગ્નિને મંદ કરનાર, કૃમિ અને તાવ મટાડનાર મનાય છે. ચોળા એ વાયડું કઠોળ ગણાય છે. એને માટે કહેવાય છેઃ

મઠ કરે હઠ, ચોળો ચાંપ્યો ના રહે,
વા કરે ઢગ, સહેજ ઢાંક્યો ના રહે.

મગની જેમ ચોળા શુકનવંતું કઠોળ ગણાય છે. જૈનો દિવાળી અને બેસતા વર્ષે શુકનમાં ચોળા ખાય છે.

આપણે કઠોળ રોજ ખાઈએ છીએ, પણ એના વિશે ભાગ્યે જ કશું જાણીએ છીએ. આપણી કહેવતો કેવું મજાનું લોકશિક્ષણ આપે છે. આપણે એનો અભ્યાસ કરીએ તો ખબર પડે ને!

(Source : લેખક : જોરાવરસિંહ જાદવ, https://gujarattimesusa.com)

# કુછડી, પોરબંદરનું સાતમી સદીનું ઐતિહાસિક ખીમેશ્વર મહાદેવ મંદિર સંકુલ

અકિંચન સુદામા અને મહાત્મા ગાંધીની જન્મભૂમિ તે પ્રાચીન સુદામાપુરી અને આજનું પોરબંદર. મધ્યયુગની હડપ્પા સંસ્કૃતિ દરમ્યાન અહીં દરિયાઈ પ્રવૃત્તિઓ થતી. દરિયાના ઘૂઘવાતા પટ પર પછડાતા મોજાંમાં સરકતી રેતી પર ઊભા રહીએ તો પૌરાણિક કાળમાં પહોંચી જઈએ. સોળમી સદીમાં તો અહીં પાકતા પાણીદાર મોતીની નિકાસ અરબી સમુદ્ર પારના દેશોમાં થતી. પોરબંદર નગરને ઋષિકુળ પરંપરાના શિક્ષણ સંકુલો, હૂજુર પેલેસનો વૈભવ અને ચોપાટીનું મસ્ત વાતાવરણ સ્પર્શે છે.



આવા પોરબંદરથી દ્વારકા તરફ દોરી જતા હાઈવે પર દરિયા કિનારે પંદર કિલોમીટર છેટે કુછડી નામના નાનકડા નસીબદાર ગામને ખીમેશ્વર મહાદેવનો લ્હાવો પ્રાપ્ત થયો છે. પુરાતત્ત્વ ખાતાના સર્વેક્ષણ મુજબ સોળસો વર્ષ જુના આ મંદિરનો ૧૮૨૩માં પોરબંદરના મહારાજા ખીમજી જેઠવાએ મહારાણી રૂપાળીબાની પ્રેરણાથી રૂપાળો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેથી જ તેનું નામ ખીમેશ્વર મહાદેવ પડ્યું. હવે તે ઐતિહાસિક સ્મારકની યાદીમાં સચવાઈ રહ્યું છે સાથેસાથે સુંદર દરિયા કિનારો અને પવન ચક્કીઓનો તેને લાભ મળ્યો છે. આ એકલવાયા મહાદેવનો વિસ્તાર શાંત છે અને વાતાવરણ પવિત્ર છે. આ રક્ષિત સ્મારકના પરિસરમાં લીલોતરીની સાથે આંતરિક શાંતિનો અનુભવ થાય.

ઈ.સ.૪૬૮થી ઈ.સ.૭૮૮માં નિર્માણ થયેલું આ મૈત્રકકાળનું મંદિર પશ્ચિમ ભારતમાં અદ્વિતિય છે. આ એકમાત્ર એવું મંદિર છે જે કરિયામાં ગવાક્ષ સાથેની વલભી છત ધરાવે છે, જેને વક્રીય સ્કંધ આકારની રચના ટેકો પૂરો પાડે છે. એની અન્ય નોંધપાત્ર લાક્ષણિકતામાં છત નીચેની કાંગરી અને દંતાવલિ ઉપરાંત ગર્ભગૃહના દ્વારે સંલગ્ન દીવાલમાં ચૈત્ય પ્રકારની ભાત ગણાવી શકાય.

## પૌરાણિક ઈતિહાસ-વાયકા

વાયકા પ્રમાણે આ મંદિરનું મૂળ નામ ભીમેશ્વર મહાદેવ હતું. કુંતી તથા પાંચ પાંડવો યાત્રાએ નિકળ્યા અને ગુજરાતના આ પશ્ચિમ કિનારે પહોંચ્યા. અર્જુનને એવું વ્રત હતું કે શિવપુજન કર્યા વગર અન્નપ્રાશન કરવું નહીં. એથી અર્જુન અને ભીમ શિવમંદિરની શોધમાં નીકળ્યા. બહુ રખડપટ્ટીના અંતે ભીમની ધીરજ ખુટી એથી એણે એક યુક્તિ રચી અને અર્જુનથી છાનું રાખી સમુદ્રકિનારે રેતીનો મોટો ઢગલો રચ્યો અને અર્જુનને બોલાવી શિવલિંગ મળ્યાની જાણ કરી. અર્જુને શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્ચન કર્યું અને પોતાનું વ્રત સાચવ્યું. પણ ભીમને તો ખરી વાતની જાણ હતી જ, આથી તેને હસવું આવ્યું. ભીમને હસતો જોઈ અર્જુને કારણ પૂછ્યું ત્યારે ભીમે સાચી વાત જણાવી અને અર્જુનની હાંસી કરી. પણ અર્જુને કહ્યું કે મેં પૂજન કર્યું તે તો શિવલિંગ સમજીને જ




ધીંગેશ્વર મહાદેવનું મંદિર


ચૈતન્ય બારીવાળા બે ગવાક્ષો ધરાવતું પાર્વતી મંદિર

કર્યું અને હવે આ રેતીનો ઢગલો નથી પણ ખરે જ શિવલિંગ છે. ભીમે તેને ખોટો ઠેરવવા પોતે બનાવેલા રેતીના ઢગને બે હાથો વડે છીન્નભિન્ન કરવા પ્રયાસ કર્યો પણ શિવલિંગ વિખાયું નહિ. પ્રયાસ દરમીયાન ભીમની આંગળીઓની છાપ તેમાં ઊંડે સુધી બેસી ગઈ જે આજે પણ શિવલિંગ પર જોવા મળે છે.

ત્યાર પછી ભીમે પણ અર્જુનની ભક્તિનો સ્વીકાર કર્યો અને અહીં સ્થપાયેલાં શિવલિંગ પર એક મંદિર બાંધવાનું નક્કી કર્યું. નાના ભાઈ નકુળની મદદથી અહીં મંદિરનું નિર્માણ થયું જે ભીમેશ્વર મહાદેવ તરીકે ઓળખાયાનું પૌરાણિક કથાઓ અને વાયકાઓમાં કહેવાય છે.

પોરબંદર શહેરથી નજીક જ અરબી સમુદ્રના કિનારે આવેલું આ મંદિરોનું સંકુલ ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક જાહેર કરાયેલું છે. આ સંકુલમાં પુરાતત્વની દૃષ્ટિએ અગત્યનાં એવાં કુલ સાત મંદિરો આવેલાં છે જેમાં પ્રવેશદ્વાર પાસે જ પ્રથમ ધીંગેશ્વર મહાદેવનું મંદિર જે ચૈતન્ય બારીના શિલ્પો ધરાવે છે. પછી મુખ્ય ખીમેશ્વર મંદિર જે ચૈતન્ય બારીવાળું સાતમી સદીમાં નિર્માણ પામેલું છે. બાજુમાં વલભી શીખર ધરાવતું નવદુર્ગા મંદિર છે જે પુરાતત્વ વિભાગ અનુસાર સમગ્ર ગુજરાતમાં અદ્વિતિય છે. સામે પાર્વતીનું મંદિર છે જે ચૈતન્ય બારીવાળા બે ગવાક્ષો ધરાવતું સાતમી સદીમાં નિર્માણ પામેલું મંદિર છે. તેની બાજુમાં દ્રવિડશૈલીનું શિખર ધરાવતું સુર્ય રાંદલ મંદિર છે જે પણ સાતમી સદીમાં નિર્માણ પામેલું છે. તેની સામે ચાડેશ્વર મહાદેવનું મંદિર છે જેના શિખરમાં ભુમીકા શિલ્પ છે. આ મંદિરનું નિર્માણ દસમી સદીમાં થયેલું છે. બાજુમાં દુધેશ્વર મહાદેવનું પૂર્વાભિમુખ મંદિર છે. જે પણ ભુમીકા શિલ્પવાળું દસમી સદીમાં નિર્માણ પામેલું મંદિર છે.


સમગ્ર ગુજરાતમાં અદ્વિતીયએવું નવદુર્ગા મંદિર

મધુસૂદન ઢાંકી અને જે. એમ. નાણાવટીના મતે નવદુર્ગા મંદિર વલભી શિખર ધરાવતું ગુજરાતનું એકમાત્ર હયાત મંદિર છે. મંદિર તેના ભારે શિખર અને અન્ય શૈલીઓને ધ્યાનમાં રાખીને વિમાનકર વર્ગના સૌથી જૂના મંદિરો સાથે સમકાલીન હોવાનું જણાય છે. આ રીતે તે માત્ર ઉત્તર ભારતમાં જ નહીં પણ સમગ્ર ભારતમાં વલભી વર્ગના પ્રારંભિક મંદિરનું એકમાત્ર હયાત ઉદાહરણ હોઇ શકે અને એ રીતે તે મહાબલીપુરમ ખાતેના પ્રારંભિક પલ્લવ મંદિરો કરતાં પણ જૂનું હોઇ શકે.




આ ઉપરાંત ખીમેશ્વર મહાદેવ મંદિરના ચોકમાં ગણપતિની નાની દેરી છે જેના શિખર પર હાથીના મસ્તક આકારનું શિલ્પ છે. સમગ્ર ગુજરાતમાં આ પ્રકારની આ એકમાત્ર મહાદેરી છે. આ ઉપરાંત મંદિર સંકુલમાં કાલ ભૈરવની નાની દેરી, મહાકાળીનું મંદિર, પટાંગણમાં મૈત્રીક ખાંડણીયો, માતૃકા મુર્તિઓ, દુધેશ્વરનું શિવલીંગ તથા પગથીયાવાળી કોતરેલી જુની વાવ અને અન્ય અનેક શિલ્પો છે.

ઈ.સ.૧૮૨૩માં પોરબંદરના મહારાજા રાણા ખીમજી જેઠવાના વખતમાં અહીં મઠનું નિર્માણ થયાની અને મંદિરોના જિર્ણોદ્ધારની નોંધ મળે છે. આમ જિર્ણોદ્ધાર કરનાર રાણા ખીમજીની સ્મૃતિમાં આ મંદિરનું નામ ખીમેશ્વર પડ્યાનું મનાય છે. અન્ય એક માન્યતાનુસાર, આ મંદિરના મહંતો મુળ કાશીના ક્ષેમેશ્વરઘાટ પરથી આવેલા અને એ ક્ષેમેશ્વરનું અપભ્રંશ થઈ ખીમેશ્વર થયું હોય તેમ પણ બની શકે. આ મંદિર સંકુલની બાજુમાં એક વિરલ દંપતીનો પાળીયો મળી આવેલ છે. જેમાં પતિ-પત્ની સંયુક્ત હાથ જોડીને ઊભા હોય તેવી કોતરણી અને લખાણમાં સંવત ૧૩૬૭ના વર્ષનો ઉલ્લેખ છે. સંભવ છે કે એમણે મંદિર નિર્માણ કે અન્ય કોઈ ધર્મકાર્ય એ સમયે કર્યું હોય અને એની યાદમાં આવો પાળીયો મુકાયો હોય.

શ્રી ખીમેશ્વર મહાદેવ-કુછડી પોરબંદર ખાતેનું આ ગુજરાતનું એવું અદ્વિતીય મંદિર છે, જેના પરિસરમાં અન્ય અનેક મંદિરોનો સમૂહ છે. ઈ.સ.ની છઠ્ઠીથી સોળમી સદીના ભિન્ન ભિન્ન કલા શૈલીના કુલ સાત મંદિરો અહીં છે. ખુલ્લામાં બાવન વીર અને ચોસઠ જોગણીના પાળિયા છે. પાંચ પાડવોની સ્મૃતિ પાળિયા સ્વરૂપે અહીં મોજૂદ છે. શિવપાર્વતી સજોડે ભક્તોને આશિષ આપતા અહીં બિરાજે છે.

(Sources & Photo Courtesy : જે. એમ. નાણાવટી અને એમ. એ. ઢાંકી દ્વારા લિખિત લેખ 'ગુજરાતના મૈત્રક અને સૈંધવ મંદિરો', https://gujaratilekh.com, https://navgujaratsamay.com, https://gu.wikipedia.org)